# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે ૩૧ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૧૯/૯/૨૦૨૨ ને સોમવારના રોજ માન. કુલપતિ, ડો. કે. બી. કથીરીયાના અધ્યક્ષ પદે ૩૧ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન ગુગલમીટના માધ્યમથી કરવામાં આવેલ હતું. સદર બેઠકમાં સહ અધ્યક્ષ તરીકે વિસ્તરણ શિક્ષણ નિયામક, ડૉ. એચ. બી. પટેલ તેમજ ખાસ આમંત્રિત સભ્ય સ્થાને સંશોધન નિયામક અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. એમ. કે. ઝાલા તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકની શરૂઆતમાં કેન્દ્રના ઇન્ચાર્જ વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. વાય. સી. લકુમ દ્વારા ઉપસ્થિત સર્વે વૈજ્ઞાનિકશ્રીઓ નું અભિવાદન કર્યા બાદ 30 મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકની કાર્યવાહી નોંધનો અહેવાલ, વર્ષ ૨૦૨૧-૨૨ નો પ્રગતિ અહેવાલ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ નો એક્શન પ્લાન મંજૂરી અર્થે રજુ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં જેતે વિષયના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા તેઓના વિષયના પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવ્યા.

સદર બેઠકમાં માન. કુલપતિ દ્વારા મૂલ્યવાન સૂચનો કરવામાં આવ્યા તથા કેવિકેના સ્ટાફને વિશિષ્ટ કામગીરી કરવા બાબતે અભિનંદન પાઠવી વધુ કામગીરી કરવા પ્રોત્સાહિત કરી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે બાબતે અગત્યના સૂચનોનો અમલ કરવા જણાવેલ. બેઠકના અંતિમ ચરણમાં કેવિકેના પશુપાલન વૈજ્ઞાનિક, ડૉ. એસ. બી. કાટોલે દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને બેઠકનું સમાપન કરવામાં આવ્યુ.

## કાર્યક્રમની ઝાંખીઓ




